કૉમ્પ્યુટર હાર્ડવેર ઍસો.નો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન દ્વારા નવા વર્ષ નિમિત્તે સૌ સભ્યોના કુટુંબીજનો સાથે સરગાસણ ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ જગદીશભાઈ દૂધાત અને તેમની ટીમ દ્વારા સમગ્ર ઉપક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

ગુણવત્તાયુક્ત શિક્ષણનું કાર્ય શિક્ષકોનું છે

શિક્ષણ જાણકારી અને જ્ઞાનનો ભંડાર બનવું જોઈએ : ભૈયાજી જોષી

ગાંધીનગર, તા.૧૨

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આયોજીત ૦૭મા રાષ્ટ્રીય અધિવિશેન કાર્યક્રમનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમાપન સમારોહમાં સંઘ દ્વારા વિવિધ ત્રણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા હતા. જેમાં શિક્ષણ અને શિક્ષકોની સમસ્યાઓનું નિરાકરણ,પર્યાવરણ-સંરક્ષણ માટે એક સાથે કામ કરવું અને શિક્ષણમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારોનો સમાવેશ કરવાનો થાય છે. ૧૯૮૮ થી પ્રગટેલી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના યજ્ઞની જ્યોતને પ્રજ્વલીત કરવા માટે દર ત્રણ વર્ષે રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવે છે.આ વર્ષે ગણપત યુનિ ખેરવા ખાતે ૦૮ નવેમ્બરથી ૧૦ નવેમ્બર દરમિયાન આ અધિવેશન યોજાયુ હતું. આ રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર રાષ્ટ્રભરના ૨૫૦૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહી શિક્ષણ માટે ચિંતન અને મંથન કર્યું હતું જેમાં 'નારી ભારતીય દેષ્ટી અને ભવિષ્ય', 'ભારતીય સંગીતમાં શિક્ષા અને સ્વાસ્થય' સહિત 'પર્યાવરણ સંકટ : જીવસૃષ્ટી અને જનજીવન' જેવા મહત્વના વિષયો પર ચિંતન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આર.એસ.એસના સર કાર્યવાહક ભૈયાજી જોષીએ જણાવ્યું હતું કે દેશમાં પરિવર્તન થઈ રહ્યું છે. શિક્ષણ અને આરોગ્યની સેવાઓ માટે લોકો દેશમાં આવી રહ્યા છે જેના થકી રાષ્ટ્ર ગૌરવાવિંત થઈ રહ્યો છે. દેશને આજે સ્પીડઅપ ઈન્ડિયાના સુત્ર સાથે આગળ વધવાનું છે. આજની યુવા પેઢી દેશને પરમ વૈભવની દિશામાં આગળ લઈ જાય તે પ્રકારનું શિક્ષણ શિક્ષકો દ્વારા અપાવવું જોઈએ. શિક્ષણ માત્ર રોજગારી માટે નહિ પરંતુ ગુણવત્તા યુક્ત શિક્ષણ જરૂરી છે. શિક્ષણ જાણકારી અને જ્ઞાનનો ભંડાર બનવું જોઈએ તેમ જણાવી વ્યક્તિ વિકાસ ઉપર ખાસ ભાર મૂક્યો હતો. માનવ વિકાસ સંશાધન મંત્રી રમેશ પોખરીયાલે જણાવ્યું હતું કે ભારત દેશમાં ૧૬ લાખથી વધુ શાળાઓ,૦૧ કરોડથી વધુ શિક્ષકગણ અને ૩૩ કરોડથી વધારે વિદ્યાર્થીઓનો દેશ છે.નવા ભારતના નિર્માણ માટે સશક્ત ભારત,સ્વચ્છ ભારત,સમૃધ્ધ ભારત થકી એક ભારત-શ્રેષ્ઠ ભારતના ધ્યેય સાથે આગળ વધવા મંત્રીએ અપીલ કરી હતી. મંત્રીએ ઉમેર્યું હતું કે દેશમાં નવી શિક્ષણ નિતી આવી રહી છે.નવી શિક્ષણ નિતીમાં જમીન ઉપર રહીને આકાશને આંબવાની શક્તિ હશે જેના થકી દેશ વિશ્વ ગુરૂ બનવા તરફ પહેલ કરશે.ભારતની આર્થિક ક્ષમતા વધારનારી નવી શિક્ષણ નિતી આગામી ૨૫ ડિસેમ્બરે રજુ કરવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું.

ડાયરેક્ટ ❤ સે

ક્યારેય કોઈની
તાકાતને
ઓછી ન સમજવી
આખી દુનિયાને
ડુબાડી શકવાની
ક્ષમતા રાખનારો
સમુદ્ર
એક તેલના ટીપાને
નથી ડુબાડી શકતો

જન્મદિને વધામણી

ધર્મેશ ગજ્જર
શિક્ષક
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

આરટીઈ હેઠળ અભ્યાસુ વિદ્યાર્થીઓ માટે ફીનાં નવાં ધોરણો

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યની શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની નવી ફી ટૂંક સમયમાં નક્કી થશે તેવા સમાચાર છે.

અગાઉ સરકાર આરટીઈમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થી દીઠ મહત્તમ રૂા. ૧૦ હજારની ફી ચૂકવતી હતી.

જો કે, આ મુદ્દે હાઈકોર્ટમાં કેસ થયા બાદ હાઈકોર્ટે રૂા. ૧૦ હજારની ફીને રદ કરતા હવે સરકાર દ્વારા નવેસરથી ફી માટેની પ્રક્રિયા શરૂ કરી છે. આ પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં નવી ફી જાહેર થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. રાજ્યમાં ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષથી આરટીઈનો અમલ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ વર્ષે રાજ્યની ખાનગી શાળાઓમાં ૫૩૦૦ બેઠક આરટીઈ માટે રાખવામાં આવી હતી. આ બેઠકો રાજ્યની આઠ મહાનગરપાલિકાની શાળાઓમાં હતી. જેમાં અમદાવાદની શાળાઓમાં ૨ હજાર, સુરતની શાળાઓમાં ૧ હજાર, વડોદરામાં ૮૦૦, રાજકોટમાં ૫૦૦ તેમજ ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગરની શાળાઓમાં ૨૫૦ બેઠક ફાળવાઈ હતી.આરટીઈમાં વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં પ્રવેશ ફાળવાયા બાદ વિદ્યાર્થી દીઠ ફીની રકમ સરકાર દ્વારા ચૂકવવાનું નક્કી કરાયું હતું. જેમાં સરકાર દ્વારા સ્કૂલને મહત્તમ રૂા. ૧૦ હજારની ફી વિદ્યાર્થી દીઠ ચૂકવવાનું નક્કી કર્યું હતું. એટલે કે, જે કોઈ સ્કૂલની ફી રૂા. ૭ હજાર હોય તો તે સ્કૂલને આરટીઈના પ્રવેશ દીઠ રૂા. ૭ હજારની ફી ચૂકવવામાં આવતી હતી. પરંતુ જો કોઈ સ્કૂલની ફી રૂા. ૧૫ હજાર હોય તો તેને મહત્તમ રૂા. ૧૦ હજાર સુધીની જ ફી વિદ્યાર્થી દીઠ મળતી હતી. સળંગ છ વર્ષ સુધી આ જ ફી માળખું રહ્યા બાદ સંચાલકો પણ અકળાયા હતા અને તેમણે આ મુદ્દે સરકારમાં અનેક રજૂઆતો પણ કરી હતી. જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈની ફીની રકમમાં વધારો કરી રૂા. ૧૦ હજારના બદલે રૂા. ૧૩,૫૦૦નું ફી માળખું નક્કી કરવા દરખાસ્ત કરી હતી. જો કે, આ દરમિયાન સંચાલકો હાઈકોર્ટમાં ગયા હતા અને સરકારની ફીની નીતિ સામે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. જેના પગલે હાઈકોર્ટ દ્વારા ૨ ૧૦ હજારની ફીનું ધોરણ ગેરકાયદે હોવાનું જણાવી તે રદ કરવા કહ્યું હતું. જેથી શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈમાં ફી માટે વિદ્યાર્થી દીઠ ચૂકવવાની થતી રકમને લઈને સર્વેની કામગીરી શરૂ કરી હતી. શહેરી વિસ્તારોમાં આવેલી શાળાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાઓમાં ખર્ચનો સર્વે કરવામાં આવી રહ્યો છે. આ સર્વેના આધારે શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની શાળાઓમાં આરટીઈ અંતર્ગત વિદ્યાર્થીઓની ફી કેટલી રાખવી તે નિયત કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા

ગાંધીનગર ખાતે ૧૪મી ડિસેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલતોનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે, તેવું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ પી.એસ.રાઠૌડે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે, આ રાષ્ટ્રીય લોક અદાલતમાં ફોજદારી સમાધાનલાયક કેસો, બેન્ક લેણાના દાવા, લેબરને લગતા કેસ, લગ્ન વિષયક કેસ, રેવન્યુ કેસ (ફકત ડિસ્ટ્રીકટ કોર્ટ તથા હાઈકોર્ટમાં પડતર કેસો), નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ- ૧૩૮ના કેસ, મોટર અકસ્માત વળતરના કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણી વેરોના કેસ, એલ. એ. આરના કેસ, અન્ય સીવીલ કેસ અને સર્વિસ મેટરના કેસ (પે અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસ)નો સમાવેશ કરવામાં આવશે. જે પક્ષકારો કોર્ટમાં આ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેમણે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવાનો રેહશે. આ અંગેની વધુ માહિતી માટે અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર રૂમ નંબર- ૧૦૧, પ્રથમળ માળ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવ્યું છે.

દિવાળી બાદ સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે પ્રવાસીઓમાં ૫૦ ટકાનો વધારો નોંધાયો



ગાંધીનગર, તા. ૧૨

સરદાર પટેલની પ્રતિમાનું તા. ૩૧ ઑક્ટોબર ૨૦૧૮નાં રોજ રાષ્ટ્રાપર્ણ થયા બાદ પ્રથમ વર્ષમાં જ પ્રવાસીઓનો સતત ધસારો જોવા મળેલ છે. ખાસ કરીને દિવાળીની રજાઓમાં નવા આકર્ષણોના ઉમેરા સાથે પ્રવાસીઓ મોટી સંખ્યામાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લેતાં મુલાકાતીઓની સંખ્યામાં ૫૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. ગત એક વર્ષમાં સ્ટેટ્યૂ ઑફ યુનિટી પાસે ૧૦મી નવેમ્બર સુધી ૨૯,૩૨,૨૨૦ મુલાકાતીઓએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી હતી. દિવાળીના રજાઓમાં ૧ નવેમ્બરથી ૧૦ નવેમ્બર સુધીમાં ૨,૯૧,૬૪૦ લોકોએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી છે. ગઈ સાલની દિવાળીની રજાઓમાં સરેરાશ પ્રતિ દિન ૧૪,૯૧૮, પ્રવાસીઓની સામે ચાલુ સાલે દિવાળીની રજાઓમાં સરેરાશ પ્રતિ દિન ૨૨,૪૩૪ પ્રવાસીઓ નોંધાયા. સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ અનેરા પ્રવાસન આકર્ષણો ઉમેરાતા પ્રવાસીઓની સંખ્યામાં ૫૦.૦૪ ટકા વધારો થયો છે. તાજેતરમાં કેવડીયા ખાતે તા. ૧/૯/૨૦૧૯થી રીવર રાફ્ટીંગ તેમજ ૨૫/૧૦/૨૦૧૯થી સાયક્લિંગ જેવી પ્રવૃતિઓ વિકસાવવામાં આવેલ છે. આ પ્રવૃતિઓનો ખાસ કરીને યુવા પ્રવાસીઓ હજારોની સંખ્યામાં ઉત્સાહભેર લાભ લઈ રહ્યા છે. આ ઉપરાંત યુવા પ્રવાસીઓ માટે નાઈટ ટ્રેકીંગ, ક્લાઈમ્બીંગ વોલ, રેપલીંગ વોલ, ટુ-વે ઝીપ લાઈન વિગેરે પ્રવૃતિઓ ઝરવાણી ઈકોટુરીઝમ સાઈટ પર વિકસાવવામાં આવેલ છે. દેશમાં પ્રથમ વાર કેવડિયા ખાતે નાઈટ ટુરિઝમ - રાત્રે મુખ્ય માર્ગ તથા તમામ પ્રોજેક્ટ અવનવી રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠે છે.

કાંકરિયા દુર્ઘટનાના પાંચ મહિના પછી જૂની શરતોએ જ રાઈડ ફરી શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૨

કાંકરિયામાં બંધ કરાયેલી તમામ રાઈડ્સ ફરી શરૂ કરવા કવાયત શરૂ થઈ છે. મુખ્ય આકર્ષણ ગણાતી ટ્રોય ટ્રેન, બલૂન અને અન્ય તમામ રાઈડ શરૂ કરવા માટે આરએન્ડબી વિભાગ, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગ અને પોલીસે રાઈડની ચકાસણી પણ શરૂ કરી છે. ડિસ્કવરી દુર્ઘટનાના ૫ મહિના પછી પણ સરકારે રાઈડ શરૂ કરવા માટે કોઈ નવી નીતિ ન ઘડી હોવાથી જૂની પદ્ધતિ અને શરતોએ જ રાઈડ ફરી શરૂ થશે તેમ લાગે છે.

૧૪ જુલાઈએ કાંકરિયા આમ્રપાલી એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે ડિસ્કવરી રાઈડ તૂટી પડતાં બે વ્યક્તિના મૃત્યુ થયા હતા. જ્યારે ૬ વ્યક્તિને ઈજા થઈ હતી. આ દુર્ઘટના પછી રાજ્ય સરકારે એક પરિપત્ર કરી રાજ્યભરની તમામ રાઈડને બંધ કરવા આદેશ આપ્યો હતો. રાઈડ અંગે નવેસરથી નીતિ બનાવવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી.

દરમ્યાન ૫ મહિના બાદ તે જૂના તમામ નિયમો સાથે આ રાઈડ ફરીથી શરૂ કરવા માટે આર એન્ડ બી અને પોલીસને લાઈસન્સ માટે અરજી કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી આરએન્ડબી કર્મચારીઓ તેમજ પોલીસે રાઈડના સ્થળની મુલાકાત લઈ રાઈડની ચકાસણી કરી છે. તે ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગના અધિકારીઓએ પણ રાઈડની ચકાસણી કરી છે.

ડેન્ગ્યૂના બોગસ રિપોર્ટની ઘટનાથી રાજ્યભરમાં તપાસના આદેશ અપાયા

ગાંધીનગર, તા. ૧૨

વડોદરાની એક ઑડિયો ક્લિપે રાજ્યના સ્વાસ્થ્ય જગતમાં હાહાકાર મચાવ્યો છે. વડોદરાની સ્વરા પૅથૉલૉજી લૅબ દ્વારા લૅબ દ્વારા ડૉક્ટરને કહે તેવો ડેન્ગ્યૂનો બોગસ રિપોર્ટ તૈયાર કરી આપવાની ઑફર બાદ રાજ્યનો સ્વાસ્થય વિભાગ હચમચી ગયો છે. રાજ્ય સરકારે આ મામલે સમગ્ર રાજયમાં તપાસના આદેશ આપ્યા છે અને જે લૅબ આવા ગોરખ ધંધામાં ઝડપાય તેને સીલ કરવાનો આદેશ આપ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ સરકાર આ મામલે ગંભીર છે અને કસૂરવારો પર કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

દરમિયાન રાજ્ય સરકારે આપેલી સૂચના અંતર્ગત વડોદરા જિલ્લા આરોગ્ય વિભાગે પોલીસને સાથે રાખી અને સ્વરા લૅબને સીલ માર્યુ છે. લૅબ પર કાર્યવાહી એ કથિત ઑડિયો ક્લિપના આધારે કરવામાં આવી છે જેમાં દર્દીઓ પાસેથી ખોટી રીતે નાણા પડાવવામાં આવતા હોવાની વાત કરવામાં આવી છે. આ માટે લૅબકર્મી ડૉક્ટરને ઑફર આપે છે. લૅબકર્મી તબીબને કહે છે કે દર્દીનો જેવો રિપોર્ટ બનાવવો હશે તેવો બની જશે. દર્દીનો ખોટો રિપોર્ટ આપવા બદલ લૅબકર્મી તબીબને ૪૦ ટકા રકમ આપવાની ઑપર કરે છે. જ્યારે ૬૦ ટકા રકમ ડૉક્ટરે લૅબને આપવાની રહેશે.

સરકારે રાજ્યના તમામ જિલ્લાના સ્વાસ્થ્ય અધિકારીઓની તેમના જિલ્લામાં આ પ્રકારનો ગોરખ ધંધો ચાલતો હોય તો તેની તપાસ કરવાની સૂચના આપી છે. સરકારની સૂચના મુજબ જો કોઈ લૅબ ઝડપાશે તો તેનું લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

સૌરાષ્ટ્રનાં માર્કેટ યાર્ડ કપાસ અને મગફળીના પાકથી હાઉસફૂલ

ગાંધીનગર, તા. ૧૨

મહા વાવાઝોડાને પગલે સૌરાષ્ટ્રના તમામ માર્કેટ યાર્ડો બંધ હતા. શનિવારથી માર્કેટ યાર્ડો ફરી શરૂ થયા છે. ત્યારે સોમવારે સૌરાષ્ટ્રના તમામ યાર્ડો કપાસ અને મગફળીના પાકથી હાઉસફૂલ થઈ ગયા છે. રાજકોટ માર્કેટ યાર્ડ ખાતે વધુ આવકને લઈને મગફળી અને કપાસની આવક બંધ કરવામાં આવી છે. આથી બહાર વાહનોના થપ્પા લાગી જતા ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. અંદર પ્રવેશ ન મળતા ખેડૂતોને વાહનોનું ડબલ ભાડુ ચૂકવવાના વારો આવ્યો છે. મગફળી અને કપાસની આવક વધતા ભાવ નીચા ગયા છે. રાજકોટ યાર્ડમાં ગત રાતથી જ ખેડૂતો કપાસની ગાંસડીઓ લઈને આવી ગયા હતા. રાતથી જ યાર્ડમાં કપાસની આવક થઈ રહી છે. ૭૦ હજાર મણ કપાસની આવક થઈ છે. રાજકોટ અને ગોંડલ યાર્ડમાં ખેડૂતોને એક મણ કપાસના ભાવે આજે ૭૫૦થી ૯૫૦ રૂપિયા મળી રહ્યા છે. હજી વધુ આવક થાય તો ભાવ ઘટવાની સંભાવના છે.

અજય દેવગનની ૧૦૦મી ફિલ્મ 'તાનાજી' જાન્યુઆરીમાં રજૂ થશે

ગાંધીનગર, તા. ૧૨

અજય દેવગણ ટૂંક સમયમાં જ બોલિવૂડમાં એક નવું જ સ્થાન કાયમ કરવા જઈ રહ્યો છે. તેની આગામી ફિલ્મ 'તાનાજી- ધ અનસંગ વૉરિયર'થી તે ઈન્ડસ્ટ્રીમાં ૩૦ વર્ષ પૂર્ણ કરશે. એવામાં આ ફિલ્મ મેકર્સે અજય દેવગણની ૧૦૦ ફિલ્મોનાં પોસ્ટરથી તેની ફિલ્મ 'તાનાજી'નું પોસ્ટર તૈયાર કર્યુ છે. આ સમયે અજય દેવગણને તેનાં ફેન્સથી લઈને ઈન્ડસ્ટ્રીમાં તેનાં મિત્રો સૌ કોઈએ વધામણા આપ્યા છે. જેમાં ખાસ છે પત્ની કાજોલ અને મિત્ર શાહરૂખ ખાને આપેલી વધામણી.

અજય દેવગણની પત્ની અને એક્ટ્રેસ કાજોલ આ સમયે ઈમોશનલ થઈ ગઈ હતી. કાજોલે પોસ્ટર શેર કરતાં લખ્યું કે, '૩૦ વર્ષ અને ૧૦૦ ફિલ્મો, ફૂલ ઔર કાંટેથી લઈ જખ્મ સુધી. ગોલમાલથી લઈ શિવાય સુધી અને હવે તાનાજી. ઘણાં શુકવાર મે તને સખત પરિશ્રમ કરતાં જોયો છે. અને આજે તારા બધા જ કિરદાર તારી સાથે ઉભા છે. તને ૧૦૦મી ફિલ્મ જન્મદિનની શુભેચ્છાઓ.'

તો કાજોલની સાથે ઓનસ્ક્રિન સુપરહિટ જોડી બનાવનારા તેનાં મિત્ર શાહરૂખ ખાને પણ અજય દેવગણને વધામણાં આપ્યા છે. શાહરૂખ લખે છે કે, 'મારા મિત્ર તારાથી વધુ ૧૦૦ અને તેનાંથી પણ વધુ ફિલ્મોની આશા છે. આ માઈલસ્ટોન માટે શુભકામનાઓ.. તે એક લાંબી સફર સર કરી છે. બે મોટરસાઈકલો પર ચઢી તે ઘણી લાંબી સફર સર કરી છે. તેને ચલાવતો રહેજે.. તાનાજી માટે ઑલ ધ બેસ્ટ...'

અનુભવોના સાગરમંથનમાંથી નીકળેલાં વિચારમોતી

જીવનમાં બનતી રોજ-બ-રોજની ઘટનાઓ, મનમાં જાગતી સંવેદનાનો સ્પર્શ, હૃદયમાં વહેતા અસ્મલિત લાગણીના સ્રોતને વાચા આપી કલમ દ્વારા ખૂબ જ સાદા અને સરળ શબ્દોમાં માર્મિક રીતે વાચકને ઘડીભર વિચારવા મજબૂર કરે છે તેવી વાર્તાઓના સંગ્રહની વાત કરવી છે.



'સંવેદના' લેખિકા મનીષા રાઠોડનો પ્રથમ વાર્તાસંગ્રહ છે, જેમાં ૨૫ વાર્તાઓ મળે છે. દરેક વાર્તાને પ્રારંભે તેને લગતું એક ચિત્ર મૂકવામાં આવ્યું છે, જે વાચકને વાંચન માટે પ્રેરી શકે છે. સમુદ્રમાં આવતી ભરતી અને ઓટને કાંઠે ઊભા રહીને નીરખતાં જેમ અનુભવાય છે તેમ માનવમનમાં પણ આવતી લાગણીઓ, ઊર્મિઓની ભરતી અને ઓટને પારખી લેતાં જેને આવડે છે તેના જીવનમાં પણ આનંદ અનુભવાય છે. તેથી જ સ્વામી અખિલાનંદજી લેખિકાને આશીર્વચન આપતાં સાચું જ કહે છે કે, 'હજુ તો આ શિશુ લાગણીઓના અનંત આકાશમાં પાંખ ફફડાવવા થનગની રહ્યું છે, તેમ છતાં એની વાર્તાઓ આપણા જીવનને ઉજાગર કરી આપે છે. સ્વયંના જીવનમાંથી કે પછી આસપાસ બનતી ઘટનાઓને શબ્દોનું રૂપ આપી કાગળ પર ઉતારવાનો આ પ્રયત્ન પરિપક્વ વાચકગણ જરૂરથી ઉમળકાભેર વધાવી લેશે અને તેની ક્ષિતિજોને વિસ્તારવા મોકળું મેદાન પૂરું પાડશે. મનીષા રાઠોડની વાર્તાઓમાં નોંધપાત્ર 'ઘટનાતત્ત્વ' છે. માત્ર પ્રસંગને વાર્તા કહી દેવી એ બાલિશતા છે. વાર્તા એને કહેવાય જેમાં શૈલીનું નહીં, ઘટના સ્વરૂપનું મહત્ત્વ હોય છે. એક પ્રસંગને ખેંચી, તાણીને વાર્તા બનાવી દેવાય નહીં, તેનું ધ્યાન લેખિકાએ વિશેષ રાખ્યું છે. જેમાં 'એક પ્રેમ કહાની', 'પ્રેમનો તલસાટ', 'એક શબ્દ ઘાયલ કરે... એક શબ્દ તારે' તેમજ 'કરૂણા એક જીવન સત્ય' જેવી વાર્તાઓને ગણી શકાય. એમની વાર્તાઓમાં બીજું મુખ્ય લક્ષણ ઘટનાની સાથે શૈલીની સરળતાનું પણ છે. અઘરા સાહિત્યિક શબ્દોનો ઉપયોગ ટાળી, સામાન્ય વ્યક્તિ પણ વાર્તાના સાહિત્ય-સ્વરૂપને માણી શકે છે.

પુસ્તક પરિચય

નટવર હેડાઉ
vanvihari@gmail.com

સંવેદના માનવીના જીવનને ચેતનવંતું રાખતું તત્ત્વ છે. પ્રેમ, કરૂણા, દયા, સહાનુભૂતિ, ઉદારતા, સહનશીલતા અને ક્ષમા જેવા ગુણો માનવીની સંવેદનાને જાગ્રત રાખે છે, જે આ સંગ્રહની વાર્તાઓ અથર્વ, મયૂરી, એક કપ કૉફી, નિયતી, કરૂણા એક જીવન સત્ય, પરિણય પછીનો પ્રેમ, થેંક્યુ પપ્પા, ખુશીનાં આંસુ, સૂરજ અને સુલભ જેવી વાર્તાઓમાં અનુભવી શકાય છે. લેખિકાને પોતાના જાત અનુભવ અને ઘણીવાર સમાજમાં ઘટતા પ્રસંગોએ હચમચાવી દીધાં છે, જેને તે ભૂલી શક્યાં નથી. તેવી સ્મૃતિઓ, એવી ઘટનાઓને શબ્દોમાં ઢાળી અત્રે વાર્તા સ્વરૂપે પ્રસ્તુત કરી છે. વાર્તાનાં તમામ પાત્રો આમ તો કાલ્પનિક છે. પરંતુ જે સંદેશ લેખિકા આપવા માંગે છે તે વાસ્તવિક છે, જેથી આ વાર્તાઓનું પઠન કરતાં ઘણીવાર આંખો ભીની થઈ જાય છે કે ક્યારેક હસવું આવી જાય એવું પણ બને. તે રીતે વાર્તાનો અંત એક ગંભીર વિચાર આપી જાય છે.

'સંવેદના' જેને લેખિકા હૃદયસ્પર્શી વાર્તાઓનો સંગ્રહ કહે છે તે વાર્તાઓ વાંચતાં ખરેખર સાર્થક લાગે છે. આ પુસ્તકનાં લેખિકા મનીષા રાઠોડ આણંદનાં રહેવાસી છે અને મિકેનીકલ ઍન્જિનીયરિંગમાં અનુસ્નાતક થયા બાદ છેલ્લાં તેર વર્ષોથી ન્યૂ વિદ્યાનગર એ.ડી.આઈ.ટી. ઍન્જિનીયરિંગ કૉલેજમાં આસી. પ્રૉફેસર તરીકે સેવા બજાવી રહ્યાં છે.

અનુભવોના સાગરમંથન-માંથી નીકળેલ વિચારમોતીને વાર્તા સ્વરૂપે તેમણે રજૂ કર્યાં છે. જેમાં અવલોકન, જાત અનુભવ અને કલ્પનાનું તત્ત્વ ઉમેરાતાં વાંચનક્ષમ વાર્તાઓ મળે છે. 'સંવેદના' વાર્તાસંગ્રહ આપવા બદલ તેમને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

સંવેદના (વાર્તાસંગ્રહ)
લેખિકા : મનીષા રાઠોડ
પ્રકાશક : નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯, કિંમત : રૂા. ૨૦૦/-